# તસ્બીહે જુમાદીલ આખીર

نَجِّنِيْ هٰذَا مِنْ عَمَلِ الشَّيْطَانِ

**નજ્જેની હાઝા મિન અમલીશ શૈતાન.**

*માઅના :*

*અય પરવરદીગાર મને શૈતાનના અમલથી નજાત આપ.*

હઝરત મુસા કલીમુલ્લાહ (અ.સ.) ની પૈદાઈશનો ઝમાનો ઘણો ઝુલ્મ અને સિતમનો હતો. નુજુમીઓની પૈશીનગોઈથી ફિરઔને એ ઈન્તેહાનો ઝુલ્મ કીધો હતો કે તેએ તેના સિપાહીઓને તેની સલ્તનતના તમામ નૌમૌલુદ બચ્ચાઓને ઝબહ કરવાનો હુકુમ કીધો, એ ડરથી કે એક ઈસ્રાઈલી બચ્ચાના સબબ તે સલ્તનતને ખોશે અને ઈન્કેલાબ લાવશે, તેના ખુદાઈના દાવાને ચકનાચૂર કરશે અને તમામ લોકો તેના ખિલાફ થઈ જાશે. આ ફાસિદ ખયાલના આધારે તેએ હઝારો બચ્ચાઓને ઝબહ કરાવી દીધા. આ ખૌફો ખતરના અય્યામમાં મુસા (અ.સ.) પૈદા થયા, તે વક્ત અલ્લાહતઆલા એ આપના માઁના દિલમાં એ વાત પૈદા કીધી કે તે આપને દુધ પીવડાવીને લાકડાની પેટીમાં (સંદુકમાં) બંધ કરીને નીલ નદીમાં વહાવી દે. મુસા (અ.સ.) ના માઁ એ આ મુજબ અમલ કીધો, તો જે વક્ત તે પેટી વહેતી-વહેતી ફિરઔનના મહેલને નઝદીકથી ગુઝરી તો ફીરઔનના બૈરોના હુકુમથી તેની ખાદેમાઓ એ પેટીને ઉચકીને મહેલમાં લાવી. મુસા (અ.સ.) નો જમાલદાર અને હસીન ચેહરો જોઈને ફિરઔનના બૈરો આસીયા, જે મુમેના હતા, બેઔલાદ હતા, તે માઅસૂમ બચ્ચાને લાવારિસ સમઝીને તેની પરવરીશ કરવાની નીય્યત કીધી. આસીયાના દિલમાં તે બચ્ચાની માઅસૂમીય્યત વસી ગઈ હતી, તેથી આસીયા ફિરઔનને બોલા કે, આ બચ્ચું મારી અને તારી આઁખની ઠંડક બનશે, અપનો સહારો અને આ સલ્તનતનો નિગેહબાન બનશે. ફિરઔન પહેલા તો ઘણો ગુસ્સે થયો અને બચ્ચાને શકની નિગાહથી જોવા લાગો, મગર આસીયાની ગુઝારીશના સબબ તેએ બચ્ચાને અમાન આપું અને આસીયાએ ફિરઔનના મહેલમાં મુસા (અ.સ.) ની પરવરીશ કીધી. મુસા (અ.સ.) એ અલ્લાહના દીનને કાઈમ કીધું અને ફિરઔની ઝુલ્મો સિતમને તેના લશ્કર સાથે નીલ નદીમાં ગરક કીધું. મુસા (અ.સ.) ફિરઔન પાસે પાની (નદી) ના ઝરીએ હિદાયત અને ઈલાહી દીન તરફ દાઅવત આપવા આવા, ફિરઔને તે હિદાયતને કુબુલ ન કીધી, નજાતના રસ્તાને ઠુકરાવો અને ખુદ ગુમ્રાહીના પાનીમાં ડૂબી ગયો, હલાક થયો. મુસા (અ.સ.) અને આગલા તમામ અંબિયા (અ.સ.) હર વક્ત પોતાની ઝબાને મુબારકથી ફરમાવતા કે, “અય રબ્બલઆલમીન ! હમેં શૈતાની વસ્વસાથી અને અમલે બદથી તારી પનાહ માંગીએ છીએ.”

મુસા (અ.સ.) ના કિસ્સામાં હમ મુમેનીનને ચંદ સબક અને નસીહતના મોતી હાસિલ થાય છે : (૧) મુસા (અ.સ.) ના માઁ એ આપને લાકડાની પેટીમાં બંધ કરીને નીલ નદીમાં નાખા અને ખુદાતઆલાના કરમથી તે પેટી નદી કિનારે સલામત પહોંચી ગઈ. પાનીમાં તેને કોઈ આઁચ ન આવી અને મુસા (અ.સ.) તેમાં મેહફુઝ રહ્યા, પાની તે પેટીને ડૂબાવી ન શકું. આ મુજબ હર માઁ ને આ સબક છે કે એ એની ઔલાદની ઈસ્લામી માહૌલમાં પરવરીશ કરે, કુરઆન અને શરીઅતની તાઅલીમાતની પેટીમાં પેક કરીને, મહેફુઝ કરીને આ મૌજઝન દુનિયાના દરિયામાં રવાઁ દવાઁ કરે, સફરે ઝિંદગી ઈબ્તેદા કરે જેથી દુનિયાની હવા અને ખારૂ પાની-દુનિયાપરસ્તી અને દૌલતપરસ્તી, તેને ડૂબાવી શકે નહીં. અને તે સહી સલામત આખેરતના કિનારે પહોંચી જાય. (૨) ફિરઔનના મહેલમાં જે વક્ત મુસા (અ.સ.) ભૂખા થયા અને રોવા લાગા તો આસીયાએ આયાઓને બોલાવી જે મુસા (અ.સ.) ને દૂધ પીલાવે અને ચુપ કરાવે. આપ (અ.સ.) નબી બનનાર હતા, આપે કોઈ પણ આયાનું દૂધ ગલે ઉતારૂ નહીં અને આખિરકાર આપના હકીકી માઁ નુ જ દૂધ પીધુ. મુસા (અ.સ.) ના આ અમલથી હમને સબક મિલે છે કે કોઈ પણ ગૈર અકીદાનો બેહકાવનાર, ખરાબ નઝર અને ખયાલ રાખનાર, ગલત રાહ બતાવનાર મોઅલ્લીમ-ઉસ્તાદની તાઅલીમ કુબુલ કરવી નહીં, બલ્કે જે અપના સાહબે હક્ક હોય, સાહબે દાઅવતો દીન હોય, રૂહાની વાલેદૈન અને મોઅલ્લીમ હોય એ સાહબની જ તાઅલીમ-તરબીય્યતને કુબુલ કરવી. જે મુજબ મુસા (અ.સ.) એ કોઈ પણ ફિરઔની ઉસ્તાદો માંથી કોઈની તાઅલીમ ગલે ઉતારી નહીં તે મુજબ ઈમાનદાર પર વાજીબ છે કે, તે એ સાહબની જ પૈરવી કરે, ચાકરી કરે, ઈતાઅત કરે, હિદાયત લે, દીનની હકીકતને જાને, શરીઅતને ઓલખે, જેના હાથમાં તેએ હાથ આપો હોય, મીસાક આપો હોય, જે સાહબે તેને દીનના દાએરામાં દાખિલ કીધા હોય. ગૈર લોકો સાથે દીનની બહેસ કરવી, હર વક્ત તેમની સોહબતમાં રહેવું, મજલિસમાં બેસવું આહિસ્તા-આહિસ્તા દિલો દિમાગમાં શકનો કીડો પૈદા કરે છે, જેનો નતીજો અને અંજામ ફક્ત ગુમ્રાહી છે. અને ગુમ્રાહ તે જ શખ્સ થાશે જેએ અલ્લાહતઆલા અને તેના રસૂલની નાફરમાની કીધી હશે.

મગર અલ્લાહતઆલાનો લાખ લાખ શુક્ર છે કે, હમેં તેના, તેના રસૂલના અને તેની દાઅવતના સાહબના ઈતાઅતગુઝાર અને ફરમાઁબરદાર કીધા જેનો નતીજો અને સમર ફક્ત દીનો દુનિયામાં કામરાની અને કામ્યાબી જ છે. ★